ગાંધીનગર સમાચાર

# પેટ્રોલની કિંમત વધુ ૮૦ પૈસા ઘટશે

નવીદિલ્હી, તા. ૨૦

ઓઇલ માર્કેટિંગ કંપનીઓ પેટ્રોલની કિંમતમાં વધુ ૫૦થી ૮૦ પૈસાનો ઘટાડો કરે તેવી શક્યતા છે. કોઇપણ સમયે આ ઘટાડાની જાહેરાત હવે કરવામાં આવી શકે છે. આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમતોમાં ઘટાડો રહેતા પેટ્રોલની કિંમતમાં ફરી ઘટાડો કરવાની તૈયારી કરવામાં આવી ચુકી છે. આજે બ્રેન્ટ ક્રુડની કિંમત ઘટીને ૧૪ મહિનાની નીચી સપાટીએ પહોંચી હતી. બ્રેન્ટ ક્રુડનો ભાવ બેરલદીઠ ૧૦૧ ડોલર રહ્યો હતો. ઓઇલ બેંચમાર્કમાં ઘટાડો થયો છે. દરમિયાન આંતરરાષ્ટ્રીય ક્રુડની કિંમતોમાં ઉતારચઢાવની સ્થિતિ જોવા મળી રહી છે. રૂપિયાની દ્રષ્ટિએ ઇન્ડિયન બાસ્કેટની કિંમત પ્રતિ બેરલ ૬૦૬૯.૩૬ રૂપિયા નોંધાઇ છે. જે સોમવારના દિવસે ૬૧૦૮.૪૪ રહી હતી. ઓઇલ કંપનીઓએ છેલ્લે ૧૫મી ઓગસ્ટના દિવસે રેટમાં ઘટાડો કર્યો હતો. આની સાથે જ દિલ્હીમાં આ ઘટાડો ૨.૧૮ પ્રતિલીટર રહ્યો હતો. સરકારે જૂન ૨૦૧૦માં પેટ્રોલની કિંમતને અંકુશમુક્ત કરી દીધી હતી ત્યારબાદથી રેટમાં વારંવાર સુધારા કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય બજારમાં રહેલી સ્થિતિને ધ્યાનમાં લઇ રેટમાં ફેરફાર કરવામાં આવે છે. બીજી બાજુ દિવાળી સુધી ડિઝલની કિંમતોને પણ અંકુશમુક્ત કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. ડિઝલની કિંમતોને અંકુશમુક્ત કરવામાં આવ્યા બાદ મુકેશ અંબાણીના નેતૃત્વમાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રી અને રૂઇયા માલિકીની એસ્સાર ઓઇલ તેમના પેટ્રો-રિટેઇલ ઓપરેશનની ફરી શરૂઆત કરે તેવી શક્યતા દેખાઇ રહી છે. ડીઝલની કિંમતોમાં ફેરફારને લઇને હંમેશા ચર્ચા રહી છે. ડીઝલ જેવી પેટ્રોલિમ પેદાશોના વેચાણ ઉપર અન્ડરરિકવરીનો આંકડો ખુબ મોટો રહ્યો છે. ફાઈનાન્સિયલ વર્ષ ૨૦૧૪-૧૫ માટે અન્ડરરિવકરીનો આંકડો અગાઉના નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪માં ૧૩૯૮૬૯ કરોડની સરખામણીમાં ૯૧૬૬૫ કરોડ રહેવાનો અંદાજ છે.



## કાળા નાણા : એક્શન ટેકન રિપોર્ટ અંતે સુપ્રીમમાં સુપ્રત


નવીદિલ્હી,તા. ૨૦

કાળા નાણા અંગે સ્પેશિયલ ઇન્વેસ્ટીગેશન ટીમ (સીટ)એ ગેરકાયદે ફંડ મુદ્દા અંગે તેના તારણો અને ભલામણ અંગે એક્શન ટેકન રિપોર્ટ સુપ્રીમ કોર્ટમાં સુપ્રત કરતા આ અંગે ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે વિદેશી બેંકોમાં ભારતીયો દ્વારા જમા કરવામાં આવેલા કાળા નાણાને પરત લાવવા માટે સીટ દ્વારા લેવામાં આવેલા પગલાઓ અંગે સંતોષની લાગણી વ્યક્ત કરી હતી. કોર્ટે કાળા નાણા અંગે સીટના પ્રથમ રિપોર્ટની નોંધ લીધી હતી અને બે મહિનાના ગાળા બાદ વધુ એક પ્રોગ્રેસ રિપોર્ટ રજૂ કરવા સીટને આદેશ કર્યો હતો. સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજ જસ્ટિસ એમબી શાહના નેતૃત્વમાં સીટની બેઠક બીજી જૂનના દિવસે પ્રથમ વખત મળી હતી ત્યારબાદ બે મહિનાના ગાળામાં પેનલ અંગે જુદા જુદા વિભાગો અને સંસ્થાઓ સાથે બેઠકો યોજી હતી. સુત્રોના જણાવ્યા મુજબ સીટે શ્રેણીબદ્ધ મામલાઓમાં ચકાસણી કરી હતી. પેનલ દ્વારા કરવામાં આવેલી ભલામણોમાં ઘણા મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા છે. પેનલ દ્વારા તારણો તૈયાર કરતી વેળા ઘણી બધી બાબતોને ધ્યાનમાં લેવામાં આવી હતી. સીટમાં જસ્ટિસ શાહ ઉપરાંત સુપ્રીમ કોર્ટના અન્ય પૂર્વ જજ પણ છે. જ્યારે આ પેનલમાં ૧૧ સભ્યો રહેલા છે. દેશની જુદી જુદી તપાસ સંસ્થાઓના અધિકારીઓને આમા આવરી લેવામાં આવ્યા છે. કાળા નાણાના મુદ્દે સીટ દ્વારા સુપ્રીમ કોર્ટમાં એક્શન ટેકન રિપોર્ટ રજૂ કરવામાં આવ્યા બાદ નવી હિલચાલ શરૂ થઇ ચુકી છે. સીટ દ્વારા રજૂ કરવામાં આવેલા તારણો આગામી દિવસોમાં જાહેર કરવામાં આવશે કે કેમ તેને લઇને ચર્ચાઓ શરૂ થઇ છે.

# બિહારમાં ૧૦ સીટોની પેટાચુંટણી માટે આજે મતદાન

પટણા,તા. ૨૦

અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા વચ્ચે બિહારમાં વિધાનસભાની ૧૦ બેઠકોની આવતીકાલે યોજાનારી પેટાચૂંટણી માટેની તમામ તૈયારી પૂર્ણ કરી લેવામાં આવી છે. તાજેતરમાં જ યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ઐતિહાસિક જીત મેળવ્યા બાદ ભાજપ માટે બિહાર વિધાનસભાની પેટા ચૂંટણી કસોટી સમાન રહેશે. જનતા દળ યુનાઇટેડ, લાલુ યાદવના આરજેડી અને કોંગ્રેસે એક સાથે મેદાનમાં ઉતરવાનો નિર્ણય કર્યા બાદ આ તમામ સામે ભાજપની સ્થિતી આ વખતે કેવી રહે છે તે બાબત ઉપયોગી રહેશે. ભાજપ દ્વારા પેટાચૂંટણીની તૈયારી છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહી હતી. બીજી બાજુ તાજેતરમાં લોકસભાની ચૂંટણીમાં સંપૂર્ણ સફાયો થયા બાદ જેડીયુ, આરજેડી અને કોંગ્રેસ પણ પોત પોતાની પ્રતિષ્ઠા બચાવવા માટે ભારે મહેનત કરી રહ્યા છે. બિહારમાં વિધાનસભાની ચૂંટણી યોજાય તેના દોઢ વર્ષ પહેલા ૧૦ સીટ પર યોજાનાર પેટા ચૂટણીને લોકો રાજ્ય માટે સેમીફાઈનલ સમાન ગણે છે. ૨૧મી ઓગષ્ટના દિવસે બિહારમાં દસ બેઠકો પર પેટાચૂંટણી યોજનાર છે. જે બેઠકો પર ચૂંટણી યોજનાર છે તેમાં નરકટિયાગંજ, રાજનગર, છપરા, હાજીપુર, મોહિઉદ્દીન, પરબત્તા, ભાગલપુર, બાંકા, મોહનિયાનો સમાવેશ થાય છે. આ ચૂંટણીને લઈને સમગ્ર બિહાર અને ખાસ કરીને ઉત્તર બિહારમાં રાજકીય ગરમી વધી ગઈ છે. બિહારમાં આગામી આવતીકાલે દસ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી યોજાનાર છે. આને લઈને બિહારમાં રાજકીય ગરમી હાલ ચરમસીમાં પર છે. વર્ષો સુધી એકબીજાના કટ્ટર હરિફ રહી ચુકેલા લાલુ યાદવ અને નિતીશ કુમાર એક સાથે આવી ચુક્યા હોવા છતાં તેમની કોઇ અસર દેખાઇ રહી નથી. એમ માનવામાં આવે છે કે નરેન્દ્ર મોદીનો જાદુ લોકોમાં હજુ અકબંધ છે. લાલુ અને નિતિશ હાથ મિલાવી મહાગઠબંધનની જાહેરાત કરી ચુક્યા છે. કોંગ્રેસને પણ સાથે લઇ ચુક્યા છે.લોકસભા ચૂંટણીમાં મોદી પર વિશ્વાસ દર્શાવી ચુકેલી સામાન્ય પ્રજા માને છે કે નિતિશ કુમાર અને લાલુ યાદવ લાલચી છે અને સત્તા માટેના પ્રયાસમાં છે. લોકો માને છે કે બે દશક સુધી એકબીજા સાથે નહી રહ્યા બાદ અને દુશ્મન તરીકે રહ્યા બાદ હવે લાલુ અને નિતિશ સાથે આવી રહ્યા છે. હવે બન્ને સત્તા માટે એક થઇ ગયા છે.



આરજેડી અને જેડીયુના કેટલાક કાર્યકરો અને નેતાઓ પણ આ સમીકરણતથી નારાજ છે. પ્રદેશની ગતિવિધી પર નજર રાખનાર લોકો માને છે કે માત્ર ત્રણ મહિના પહેલા જ ભાજપ જોરદાર બહુમતિ સાથે સત્તામાં આવ્યો છે. મોદીના નેતૃત્વમાં લોકોએ વિશ્વાસ દર્શાવ્યો હતો. લોકો માની રહ્યા છે કે મોદી શ્રેષ્ઠ નેતા તરીકે ઉભરી રહ્યા છે. મોદીએ લોકોમાં નવી આશા જગાવી છે. કારણ કે શિસ્ત અને ગવર્ન્સ પર તેઓ ધ્યાન આપી રહ્યા છે. આગામી વર્ષે બિહારમાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે જેથી ભાજપ વધુ તાકાત સાથે આ ચૂંટણીની તૈયારીમાં છે. બિહારમાં વિધાનસભાની ૨૪૩ બેઠકો પૈકી ૧૭૨ બેઠકો જીતવા માટેની તૈયારી ભાજપે હાથ ધરી છે.કેન્દ્રમાં નરેન્દજ મોદી વડાપ્રધાન બન્યા બાદ ભાજપનો નૈતિક જુસ્સો અનેક ગણો વધી ગયો છે. ભાજપ વિરોધી તમામ પક્ષો હવે બિહારમાં એક થઇ રહ્યા છે. ભાજપ સામે લડવા તમામ પક્ષો એક થયા બાદ તેના પરિણામ કેવા રહે છે કે બાબત મહત્વપૂર્ણ બની ગઇ છે. ચૂંટણીને લઈને તમામ તૈયારી પૂર્ણ કરી લેવામાં આવી છે. મતદાન મથકો પર સુરક્ષા વ્યવસ્થા પણ મજબુત કરવામાં આવી છે. કોઇ પણ અનિચ્છનીય બનાવ ન બને તેવા પ્રયાસ કરાયા છે. લોકસભા માટે કેટલાક સભ્યોની ચુંટણી અને અન્યોના રાજીનામાના કારણે બિહારમાં પેટાચુંટણી યોજાઈ રહી છે. કુલ ૯૪ ઉમેદવારો મેદાનમાં છે. જેમાં ૫ મહિલાઓનો સમાવેશ થાય છે. ૨૬૪૨૪૦૭ મતદારો ૨૪૨૨ મતદાન મથકો ઉપર તેમના મતાધિકારનો ઉપયોગ કરશે. હાજીપુર, પરબટ્ટા અને બાંકા સિવાય બાકિના મતદાન મથકો ઉપર સવારે સાત વાગ્યાથી સાંજે છ વાગ્યા સુધી મતદાન થશે.



ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીની ૭૦મી પુણ્ય તિથીએ કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી અને તેમની પુત્રી પ્રિયંકા વાઢેરા સાથે વિરભૂમિ ખાતે પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

**ઓફિસ સ્વચ્છ રાખવા પણ સૂચન**

## નરેન્દ્ર મોદીની કોર્પોરેટ સ્ટાઈલથી મંત્રીઓ ચુસ્ત

નવી દિલ્હી, તા.૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કોર્પોરેટ સ્ટાઈલના પરિણામ સ્વરૂપે તમામ પ્રધાનો અને અધિકારીઓમાં પણ ચુસ્તી વધી ગઈ છે. ખૂબ લાંબી થીયરીમાં વાત કરવાના બદલે પોઈન્ટ બાય પોઈન્ટ મુદ્દા રજૂ કરવા તથા પ્રેક્ટીકલ નીતિ સામે લાવવા સૂચના આપવામાં આવી છે. મીટિંગ માટે તૈયાર થઈને આવવા તથા પોતાની ઓફિસને વ્યવસ્થિત રાખવાની સૂચના પણ આપવામાં આવી છે. સાથે-સાથે કામ કરનાર તમામ લોકો પાસેથી પણ મોદી આવી જ અપેક્ષા રાખી રહ્યા છે. મોદીની કેબીનેટમાં સામેલ તમામ મંત્રીઓ અને સરકારના ટોચના અધિકારીઓનો અભિપ્રાય છે કે મોદી કોર્પોરેટની જેમ કામ કરે છે. એક અગ્રણી અંગ્રેજી અખબાર સાથેની વાતચીતમાં મોદીના ઘણા પ્રધાનો અને સરકારી અધિકારીઓએ વાત કરી હતી અને કહ્યું હતું કે, નવા વડાપ્રધાનની કામ કરવાની પદ્ધતિ બિલકુલ જુદી પ્રકારની છે.

## તિરૂપતિ દર્શનની પ્રક્રિયા વધુ સરળ :ઓનલાઈન જ ટિકિટ

તિરૂપતિ,તા. ૨૦

તિરૂપતિમાં વિશ્વ પ્રસિદ્ધ ભગવાન વેંકટેશ્વર મંદિરમાં પૂજા કરવાની પ્રક્રિયા વધુ સરળ બની છે. કારણ કે, તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ્ દ્વારા બુધવારથી દર્શન ટિકિટને ઓનલાઈન ઉપલબ્ધ બનાવી છે. ૩૦૦ રૂપિયાનો ખર્ચ કરીને ખાસ દર્શન ટિકિટ ઓનલાઈન ઉપલબ્ધ કરાવવામાં આવશે. મંદિરમાં શ્રદ્ધાળુઓના દર્શન માટે ભારે ધસારો રહે છે. ઈંતજારના ગાળાને ઘટાડવાના હેતુસર આ નવી વ્યવસ્થા કરવામાં આવી છે. મંદિરમાં દર મહિને લાખો શ્રદ્ધાળુઓ પહોંચે છે. ઈન્ટરનેટ ઉપર અને સાથે સાથે નવ ઓળખી કાઢવામાં આવેલી અને ટીટીડી દ્વારા ચલાવવામાં આવતા ઈ-દર્શન કાઉન્ટરો ઉપર પાંચ હજાર ટિકિટોનું વેચાણ કરવામાં આવશે. તેની અસરકારકતાની ચકાસણી કરવા પાયલોટ આધાર પર ઓનલાઈન સુવિધા શરૂ કરાશે. આને સફળતા મળ્યા બાદ કાયમી સુવિધા ઉભી કરવામાં આવશે. શ્રદ્ધાળુઓ જે આજે ખાસ ટિકિટ ખરીદશે તેમને ૨૭મી ઓગસ્ટે દર્શન થઈ શકશે. તિરુમાલા તિરુપતિ દેવાસ્થાનમ ટ્રસ્ટ દ્વારા સંચાલિત તિરુમાલા વેંકટેશ્વર મંદિર આંધ્રપ્રદેશમાં ચિત્તુર જિલ્લાની પહાડીઓમાં સ્થિત છે. રેવેન્યુની દ્રષ્ટિએ ભારતમાં સૌથી ધનાઢ્ય મંદિર તરીકે આને ગણવામાં આવે છે. ટીટીડી દ્વારા નવી વ્યવસ્થા શરૂ કરવામાં આવ્યા બાદ આનો કેટલો ફાયદો થાય છે અને શ્રદ્ધાળુઓ કઈ રીતે પ્રતિસાદ આપે છે તેને લઈને ભારે ચર્ચા શરૂ થઈ છે. જો કે, શ્રદ્ધાળુઓને આનાથી મોટી રાહત થશે. તિરુમાલા તિરુપતિ દેવાસ્થાનમ દ્વારા શ્રદ્ધાળુઓની સુવિધા માટે વારંવાર નવા નવા પ્રયોગો કરવામાં આવે છે અને આનાથી લાખો શ્રદ્ધાળુઓને રાહત પણ થાય છે. આજે ટિકિટ મેળવનારને ૨૭મીએ દર્શન થશે અને બે કલાક સુધી દર્શન કરાશે.

## મહિલા બિલને પસાર કરવા તીવ્ર દબાણ લવાશે : ગાંધી

નવીદિલ્હી,તા. ૨૦

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ આજે નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારની જોરદાર ઝાટકણી કાઢી હતી. સંસદ અને રાજ્ય વિધાનસભામાં મહિલા અનામત માટે જોરદાર કેસ રજૂ કરતા કોંગ્રેસ પ્રમુખે કહ્યું હતું કે, ભારતીયોને ખોટા સ્વપ્ન દર્શાવવામાં આવી રહ્યા છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં મહિલા કોંગ્રેસની પરિષદને સંબોધતા સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, શક્ય તેટલી વહેલીતકે મહિલા અનામત બિલ પાસ કરવા એનડીએ સરકાર ઉપર કોંગ્રેસ જોરદાર દબાણ લાવશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, નરેન્દ્ર મોદી સરકાર અગાઉની યુપીએ સરકારના કાર્યક્રમો અને સ્કીમની નકલ કરીને આગળ વધી રહી છે. લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસના નેતૃત્વમાં ગઠબંધનની હાર થઇ છે. કારણ કે, ખોટા વચનોના કારણે લોકો ગેરમાર્ગે દોરાયા છે. ગાંધીએ એમ પણ કહ્યું હતું કે, અમે ચૂંટણીમાં સંપૂર્ણ તાકાત સાથે ઉતર્યા હતા પરંતુ લોકો ગેરમાર્ગે દોરાયા હતા. કારણ કે, કેટલાક લોકોએ જાળ બિછાવી હતી. અમારી કામગીરી અને સિદ્ધિઓ બાજુએ રહી ગઈ હતી. ખોટા વચનો અને સ્વપ્ન દર્શાવનાર લોકો આગળ વધી ગયા હતા. ચૂંટણીમાં કારમી હાર બાદ પક્ષના કાર્યકરોને સંબોધતા ગાંધીએ તમામ સળગતા મુદ્દા ઉઠાવ્યા હતા. તેમના પતિ અને ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની ૭૦મી જન્મજયંતિના પ્રસંગે સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, મહિલા સશક્તિકરણ મહત્વપૂર્ણ પ્રાથમિકતા તરીકે છે. પક્ષના જનરલ સેક્રેટરી તરીકે રાજીવ ગાંધી બન્યા બાદથી મહિલા સશક્તિકરણને તેઓ મહત્વ આપતા હતા. રાજીવ ગાંધી માનતા હતા કે, તેની અડધી વસતીની અવગણના કરીને દેશ આગળ વધી શકે નહીં. મહિલા સશક્તિકરણ માટે રાજીવ દ્વારા લેવામાં આવેલા પગલાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, સ્વર્ગસ્થ વડાપ્રધાન ઈચ્છતા હતા કે, સંસદ અને વિધાનસભામાં મહિલાઓને પ્રતિનિધિત્વ મળવું જોઈએ. રાજીવે પંચાયતમાં તેમને અનામત માટેની માંગ કરી હતી. ગાંધીએ દુખ સાથે કહ્યું હતું કે, રાજીવ ગાંધીના અવસાન બાદ આ મુદ્દાઓને આગળ વધારવામાં આવ્યા ન હતા.



નવી દિલ્હી ખાતે યોજાયેલા ડીઆરડીઓ એવોર્ડસ ૨૦૧૩ સમારોહમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંરક્ષણ અને નાણામંત્રી અરૂણ જેટલી સાથે મળીને ડિફેન્સ ઈન્સ્ટીટયુટ ઓફ ફિઝીયોલોજી એન્ડ એલાઈડ સાયન્સીઝને ‘ટીટાનિયમ’ ટ્રોફી એનાયત કરી હતી.

## સમાચાર ઝલક

- દેશમાં ૭૫ ટકા સ્કુલોમાં સારી લેબ નથી - સર્વેક્ષણ.
- ક્રિકેટ ટીમ ઈન્ડિયાના નિર્દેશક બનતા રવિ શાસ્ત્રી.
- વર્લ્ડ ફોટો ડે પ્રસંગે વિવિધ કાર્યક્રમોનું આયોજન થયેલ હતું.
- આઝાદી પછી પ્રથમવાર બે સ્ત્રીઓ જે બહેનો છે તેમને ફાંસી અપાશે.
- ઈરાનમા ભૂકંપમાં ૨૫૦થી વધુ ઘાયલ ભારે નુકશાન.
- અમદાવાદમાં મહિલાને જુગાર રમવાની તેના કુટુંબીજનોએ ના પાડતાં આત્મહત્યા કરી.
- અમેરિકામાં ૧૦૦ મૃતદેહો સાથે જાતીય સમાગમ અજબ ઘટના. લાશોની ચોરી કરનારની કબુલાત.
- મુંબઈની ટ્રેનોમાં સ્ત્રીઓની સતામણીના બનાવોમાં ૬૩ ટકાનો વધારો.
- પોરબંદરમાં બનતો ફલાય ઓવરબ્રીજ ત્રીજી વાર તૂટયો. ગુણવત્તા સામે સવાલ.
- વોટસએપ ફ્રી જ રહશે. કોઈ ચાર્જ લાગુ પડશે નહીં.
- ઓસ્ટ્રેલિયા અને ભારતની વચ્ચે બિન લશ્કરી પરમાણુ સહયોગ સમજુતિ.
- કચ્છના રાપરમાં સગાઈ તોડનારી યુવતીના મા-બાપને રૂ. ૨૨ લાખનો દંડ કરતું સમાજ પિતાનો આત્મહત્યાનો પ્રયાસ.
- પાટણમાં પોલીસ દ્વારા હિટ એન્ડ રનનો બનાવ. પોલીસને જેલમાં મોકલાયો.

## ટ્રક ડ્રાઈવરોની તીવ્ર અછત : ટ્રાન્સપોર્ટરો

નવી દિલ્હી, તા.૨૦

ટ્રક ડ્રાઈવરો નસામાં ડ્રાઈવીંગ કરે છે તેવા સર્વેના તારણ બાદ અન્ય ઘણી બધી બાબતો પણ સપાટી ઉપર આવી છે. સર્વેના ભાગરૂપે આવરી લેવામાં આવેલા ટ્રાન્સપોર્ટરો પૈકીના ૮૦ ટકા લોકોએ કબૂલાત કરી છે કે તેમની સામે ડ્રાઈવરોની અછત રહેલી છે જેના પરિણામ સ્વરૂપે ક્લીનર્સને ડ્રાઈવર તરીકે જવાબદારી સોંપવામાં આવે છે. જ્યારે ડ્રાઈવરો મલ્ટી શીફ્ટમાં કામ કરે છે. રોડ સેફ્ટી સાથે સંકળાયેલા લોકોનું કહેવું છે કે ડ્રાઈવરને સરેરાશ મહીને ૭૫૭૧ જેટલી રકમ મળે છે. આ જ કારણસર ડ્રાઈવરો લાંબાગાળા દરમિયાન કામ કરે છે. સર્વેમાં એમ પણ જાણવા મળ્યું છે કે સરેરાશ પરિવારના સાત સભ્યો ડ્રાઈવરની આવક ઉપર આધારિત હોય છે. બે તૃતીયાંશ પાસે કોઈપણ પ્રકારની બચત નથી. ડ્રાઈવરોની આવી હાલતમાં સુધારા કરવામાં આવે તેવી રજૂઆત પણ કરવામાં આવી છે. ડ્રાઈવરોના ઓછા પગાર પણ ઘણી સમસ્યા માટે જવાબદાર છે. દેશમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ જીવન જરૂરી ચીજવસ્તુ લઈ જવામાં ડ્રાઈવરોની ચાવીરૂપ ભૂમિકા હોય છે આવી સ્થિતિમાં તેમની આવક વધે તે પણ ખૂબ જરૂરી છે. તેમની તકલીફો તરફ ધ્યાન આપવામાં આવે તેવી રજૂઆતો જુદી જુદી સંસ્થાઓ દ્વારા કરવામાં આવી છે.

## ગેંગરેપ કેસમાં નિવૃત્ત નેવી કર્મીને જેલ થઈ

નવી દિલ્હી,તા. ૨૦

૭૨ વર્ષીય નિવૃત્ત નૌકાસેનાના જવાનને ગેંગરેપ કેસમાં ૨૦ વર્ષની જેલની સજા ફટકારાઈ છે. મહિલા ઉપર ગેંગરેપ અને તેને ધમકી આપવા બદલ સજા ફટકારાઈ છે. એડીશનલ સેશન જજ વિરેન્દ્ર ભટે ૪૫ વર્ષીય રોતાશમાન અને ઈશ્વરસિંહને ૨૦-૨૦ વર્ષની જેલની સજા ફટકારાઈ છે. કોર્ટે ૨૫ હજારનો દંડ માન પર લાદ્યો છે. દિલ્હીની કોર્ટ દ્વારા આકરી સજા આઈપીસીની જુદી-જુદી કલમો હેઠળ ફટકારવામાં આવી છે. ૨૬ જુલાઈ ૨૦૧૩ના દિવસે માન અને ઈશ્વરસિંહ દારુ પીધેલી હાલતમાં મહિલાના રૂમમાં ઘુસી ગયા હતા અને બંદુકની અણીએ તેમના દ્વારા બળાત્કાર ગુજારાયો હતો. આ બનાવના કારણે ભારે હોબાળો મચી ગયો હતો અને અંતે મામલો કોર્ટમાં પહોંચ્યો હતો. માનના આવાસમાં કામ કરતી મહિલાની જુબાનીના આધાર ઉપર કોર્ટે કાર્યવાહી હાથ ધરી હતી. તેનું નિવેદન વિશ્વસનીય દેખાયું હતું.

## કોંગ્રેસને પીએસી વડાનો હોદ્દો મળતા મોટી રાહત

**કોંગ્રેસના વરિષ્ઠ નેતા કેવી થોમસ પીએસીના નવા વડા**

નવીદિલ્હી,તા. ૨૦

કોંગ્રેસના વરિષ્ઠ નેતા કેવી થોમસને પ્રતિષ્ઠિત પેનલ સંસદની પબ્લિક એકાઉન્ટ કમિટિના નવા વડા બની ગયા છે. આ પેનલ કેગના અહેવાલમાં ચકાસણી કરે છે. સંસદમાં રજૂ કરવામાં આવ્યા બાદ કેગના અહેવાલને ચકાસણી કરવામાં આવે છે. પીએસી ચેરમેનનો હોદ્દો સામાન્યરીતે સંસદમાં મુખ્ય વિરોધપક્ષને મળે છે પરંતુ આ ઘટનાક્રમ ખુબ જ મહત્વપૂર્ણ છે. વિપક્ષના નેતાના મામલે સરકારે આક્રમક વલણ અપનાવ્યા બાદ આ હોદ્દો કોંગ્રેસને મળ્યો નથી. દર વર્ષે પીએસીની રચના કરવામાં આવે છે. આમાં ૨૨થી વધુ સભ્યો હોતા નથી. ૧૫ સભ્યોની નિમણૂંક લોકસભા દ્વારા કરવામાં આવે છે જ્યારે રાજ્યસભાથી સાત સભ્યોની નિમણૂંક કરવામાં આવે છે. ટીમ તરીકે અમે કામ કરીશું. અમે જે કંઇપણ મુદ્દા અમારી સમક્ષ રજૂ કરવામાં આવશે તેને યોગ્યરીતે હાથ ધરીશું. ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન થોમસે આજે નવી જવાબદારી લીધા બાદ આ મુજબની પ્રતિક્રિયા આપી હતી. આ કમિટિની પ્રથમ બેઠક આગામી સપ્તાહમાં યોજાશે. મુરલી મનોહર જોશી છેલ્લી લોકસભામાં પીએસીના ચેરમેન તરીકે હતા. પીએસસીનો વિવાદાસ્પદ ૨૦૧૧ને ટુજી કૌભાંડ અંગેનો મુસદ્દા અહેવાલે ભારે ચર્ચા જગાવી હતી. આ અહેવાલમાં ભૂતપૂર્વ ટેલિકોમપ્રધાન રાજાને દોષિત ઠેરવવામાં આવ્યા હતા. ઉપરાંત પીએમઓ અને કેબિનેટ સચિવની જોરદાર ઝાટકણી કાઢવામાં આવી હતી. ત્રણ વર્ષ સુધી અધુરા એજન્ડાને આગળ વધારવાને લઇને પણ વિરોધ થયો હતો. યોગ્ય પગલા ન લેવા બદલ પીએમઓની જોરદાર ટીકા કરવામાં આવી હતી.